ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહ્યા



ગાંધીનગર, તા. ૧ એ.સી.બી.ની ટ્રેપ દરમિયાન ધરાઈ હતી જ્યારે આ દરમિયાન પોલીસે વકીલોને કોર્ટમાં જતા રોકતા પ્રદર્શિત કર્યો હતો. વકીલ એકતા જિન્દાબાદના સૂત્રો પોકાર્યા હતા.

## કાયદાનો દૂરઉપયોગ થયાનો બાર એસો.નો આક્ષેપ : વિનોદ તન્નાની રીમાન્ડ અરજીની કાર્યવાહી વેળાએ વકીલોને પ્રવેશ ન અપાતા રોષે ભરાયા : વકીલ એકતા જિંદાબાદના સૂત્રો પોકાર્યા

લાંચ લેતાં પકડાયેલા નાયબ મામલતદાર તન્નાની રીમાન્ડ અરજી સંદર્ભે ઈન કેમેરા કોર્ટ કાર્યવાહી હાથ ધરાઈ હતી જ્યારે આ દરમિયાન વકીલ આલમમાં પ્રબળ રોષ જન્મ્યો છે. આ મામલે વકીલોએ આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

કલેક્ટર કચેરીમાં એ.સી.બી.એ ટ્રેપ ગોઠવીને નાયબ મામલતદાર વિનોદ તન્ના સહિત તેના ફોલ્ડરને રૂ. ૨૫ હજાર લેતા ઝડપી લીધા બાદ ગઈકાલે સાંજે તેમને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. આ તબક્કે કોર્ટ સંકુલમાં ભારે ચહલ-પહલ વચ્ચે વકીલ આલમમાં પણ ઉત્તેજના પ્રવર્તી હતી. વકીલોએ આક્રોશ ઠાલવવા ઈંડા-ટામેટા મારવાની તૈયારી કરી રાખી હતી.જ્યારે આ સઘળી સ્થિતિમાં અંતે કોર્ટે એ.સી.બી. ટ્રેપ અંગેની રીમાન્ડ અરજી સાંભળવાની કાર્યવાહી ઈન કેમેરા હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસ દ્વારા વકીલોને કોર્ટ કેમ્પસ તેમજ કોર્ટમાં અંદર જવા ન દેતા વકીલોમાં આક્રોશ પ્રવર્ત્યો હતો. આ મામલે ગાંધીનગર બાર એસોસિએશને આજે તાકીદની મીટીંગ બોલાવી કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો હતો. બાર એસોસિએશનના પ્રમુખ ગજેન્દ્રસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર ફક્ત બળાત્કાર કેસમાં જ ઈન કેમેરા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આમ છતા આ કેસમાં લાંચિયા આરોપીના રીમાન્ડ અરજીની કાર્યવાહીમાં આ પ્રકારની કાર્યપદ્ધતિ અપનાવાઈ છે. ન્યાયાધીશોના પ્રવેશ કરવાના દ્વારેથી આરોપીને ડીસ્ટ્રીક્ટ જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. આ દરમિયાન પોલીસે વકીલોને અટકાવવા વકીલોએ પારાવાર હાલાકી ભોગવવી પડી હતી. કાયદાનું ઉલ્લંઘન થયું હોવાની લાગણી વ્યકત કરી બાર એસોસિએશને કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો હતો. જેના પરિણામે કોર્ટ સંકુલમાં આજે વકીલો કોર્ટ કામકાજથી દૂર રહ્યા હતા.

# રશ્મિ ભાવે હત્યા કેસમાં કડી ન મળતા પોલીસ દિશાવિહીન

## ઔરંગાબાદ તપાસ ચલાવીને પોલીસ આજે પરત ફરશે : ત્યાંથી પણ કોઈ કડી ન મળતા પોલીસને તબીબના એસ.ડી.એસ. ટેસ્ટ પર આધાર

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ખુબ જ ચર્ચાસ્પદ અને રહસ્યમય તેવા રશ્મિ ભાવે મર્ડર કેસમાં પોલીસે વિવિધ દિશાઓમાં કરેલી તપાસ બાદ પણ અત્યારે પોલીસે દિશાવિહીન થઈ ગઈ છે. ઔરંગાબાદ તપાસ માટે ગયેલી પોલીસની ટીમ આજે રીટર્ન થઈ ગઈ છે પરંતુ ત્યાંથી પણ કોઈ કડી મળી નથી. હવે પોલીસને તબીબના કરવામાં આવનાર એસ.ડી.એસ. ટેસ્ટ પર આધાર છે. એફએસએલ દ્વારા પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી રહી છે. પોલીસે એફએસએલ પાસેથી એસ.ડી.એસ. ટેસ્ટની તારીખ પણ માંગી લીધી છે.

ડૉ. વિવેક ભાવેના પત્નિ રશ્મિ ભાવેની ધોળે દિવસે ઘરમાં ઘુસીને થયેલી કરપીણ હત્યા પ્રકરણમાં પોલીસ હજુ પણ હવામાં હવાતીયા મારી રહી છે. એક પછી એક પોલીસે કડીઓ ગોઠવીને તપાસ શરુ કરી હતી પરંતુ તે તમામમાં પોલીસને નિષ્ફળતા મળી છે. પોલીસ આ હત્યા કેસને ગંભીરતાથી લઈને ભેદ ઉકેલવા માટે છેક ઔરંગાબાદ પણ ગઈ અને આ ટીમ આજે ઔરંગાબાદ તપાસ કરીને પરત પણ ફરી રહી છે પરંતુ ત્યાંથી પણ કોઈ જ કડી ન મળતા હવે આ ચકચારી હત્યા કેસ તદ્દન દિશાહીન થઈ જવા પામ્યો છે. હવે પોલીસે તબીબનો એસ.ડી.એસ. ટેસ્ટ કરાવવા એફ.એસ.એલ. પાસેથી તારીખની માંગણી કરી છે. આ પ્રકરણમાં હવે પોલીસને તબીબના સસ્પેકટ ડીટેકશન ટેસ્ટ પર આધાર રહ્યો છે. આ ટેસ્ટમાં કોઈ સ્ફોટક વિગતો ખુલે તો આ ચર્ચાસ્પદ કેસના રહસ્ય પરથી પડદો હટશે. એફએસએલ અધિકારીઓ દ્વારા પ્રશ્નોત્તરી તૈયાર કરવાની તજવીજ પણ શરુ કરી દેવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. હવે જોવું રહ્યું કે આ ચર્ચાસ્પદ અને ભયંકર રહસ્ય બની ગયેલા રશ્મિ ભાવે હત્યા કેસનો ભેદ કયારે ઉકેલાશે...?

# તન્ના અને તેના સગાઓના બેન્ક લોકરની વિગતો મંગાવાઈ

## કોલ ડીટેઈલને આધારે તન્નાનાં સંપર્કોની તપાસ એસીબીએ શરૂ કરી

ગાંધીનગર, તા.૧

લાંચ લેવાના કેસમાં એ.સી.બી.એ ટ્રેપ ગોઠવીને ગાંધીનગરના ડે. મામલતદાર તથા તેના એક ફોલ્ડરને ઝડપી પાડયા બાદ પુછપરછ માટે બંનેને ચાર દિવસના રિમાન્ડ પર લીધા છે. પહેલા જ દિવસે એ.સી.બી.એ ડે. મામલતદારની મિલકતો ઉપરાંત કેટલી બેન્કમાં ખાતા તથા લોકર ના. મામલતદાર ઉપરાંત તેના સગાઓના નામે છે તેની વિગતો બેંક પાસેથી મંગાવીને મોબાઈલ નંબરની કોલ ડીટેઈલને આધારે તન્નાના તમામ સંપર્કોની તપાસણી શરુ કરી છે. ગાંધીનગર કલેકટરની નાક નીચે જ બેસીને લાંચ ઉઘરાવી રહેલા નાયબ મામલતદાર વિનોદ તન્નાને અમદાવાદ એસીબીની ટીમે છટકું ગોઠવીને રૂ. ૨૫ હજારની લાંચ લેવાના કેસમાં અંદર કરી દીધો છે. એક ફોલ્ડરના મારફતે રૂ. ૨૫ હજારની લાંચ લેનાર મા. મામલતદાર અને ફોલ્ડરની ધરપકડ કરી ગાંધીનગર એસીબી પી.આઈ. એસ.કે. ત્રિવેદીએ સઘન તપાસ હાથ ધરી છે. ચાર દિવસના મંજુર થયેલા રિમાન્ડના પહેલા જ દિવસે એસીબી પી.આઈ.એ ભ્રષ્ટ તન્નાની મિલ્કતોની વિગતો ઉપરાંત તેના તથા તેના સગાઓના નામે ખુલેલા બેન્ક એકાઉન્ટ અને બેન્ક લોકરની વિગતો મંગાવી છે. તે ઉપરાંત કોલ ડીટેઈલ મંગાવીને તન્નાના વિવિધ સંપર્કોની તપાસણી શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે તન્નાનાં બંગલેથી દાગીના કે મોટા પ્રમાણમાં કેશ મળી આવી નથી તથા તેના ખુદના નામનું પણ કોઈ જ બેંકમાં લોકર ન હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળતા તેના સગા-સંબંધીઓના બેંક લોકરની પણ તપાસ શરુ કરવામાં આવી છે.




નગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા શિવરંજની દ્વારા ગુજરાતી ભાષાના ગૌરવશાળી ગાયક રાસબિહારી દેસાઈને અંજલી આપવા સ્વરાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા ભાષાની ઉત્તમ કૃતિઓની અભિવ્યક્તિ દ્વારા સદ્દગત રાસબિહારીભાઈને અંજલિ અપાઈ હતી.

# રિટ્રાન્સ પ્લાન્ટેશન પાછળ બે વર્ષમાં ૮.૩૦ લાખનો ખર્ચ

## બે વર્ષમાં ૪૫ બિન બદલીપાત્ર કર્મચારીઓને પ્લોટ ફાળવવામાં આવ્યા છે : ૧૪૯ની અરજીઓ વિચારાધીન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં વૃક્ષોના રી ટ્રાન્સપ્લાન્ટેશન પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં રૂ. ૮.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે તેમ રાજ્યના વનમંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ આજે વિધાનસભામાં સભ્યોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું છે.

ભાજપના શ્રી જીતેન્દ્ર વાઘાણી, શ્રી આર.એમ. પટેલ, રાજેન્દ્ર ત્રિવેદીના લેખિત પ્રશ્નોના ઉત્તરમાં મંત્રીશ્રી વસાવાએ જણાવ્યુ છે કે ૨૦૧૧-૧૨ દરમ્યાન ૪.૧૧ લાખ અને ૨૦૧૨-૧૩માં રૂ. ૪.૧૯ લાખનો ખર્ચ થયેલ છે.

વૃક્ષને કાપવાને બદલે અદ્યતન ટેકનલોજીથી તેને આખેઆખુ ઉપાડી બીજે રોપવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૬૮૩ વૃક્ષ અને ૨૦૧૨-૧૩ દરમ્યાન ૧૩૬ વૃક્ષ મળી કુલ ૮૧૯ વૃક્ષ અન્યત્ર વાવવામાં આવ્યા છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે આ વૃક્ષો પૈકીના ૮૨ ટકા જેટલા વૃક્ષો જીવીત છે. ગાંધીનગરમાં આ ટેકનોલોજી સફળ રહી હોવાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે. જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં ૮૧૯ પૈકી માત્ર ૧૨૦ જેટલા વૃક્ષો જ મૃત પામ્યા છે.

**વિધાનસભામાં ગાંધીનગર**

**● માર્ગ-મજબુતીકરણનું કામ**

દહેગામ તાલુકાના નાંદોલ, ધારીસણા, ઉદણ માર્ગનું મજબુતીકરણ કરવાના સરકારના નિર્ણય અંગે ભાજપના શ્રી ભરતસિંહ ડાભી, શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ કામ પ્રગતિ હેઠળ છે. તેમણે આ પ્રશ્નના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે આ કામ પાછળ રૂ. ૫૨૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે અને તેને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે.

**● માર્ગ માટે જમીન સંપાદન નથી કરાઈ**

કોંગીના જ શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન સંપાદન નવા રોડ બનાવવા માટે કરવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એક પણ ગામમાં જમીન સંપાદન કરવામાં આવી નથી અને માર્ગ બનાવવાની જમીન સંપાદન બાદ માર્ગ બનાવ્યા પણ નથી.

**● બિન બદલીપાત્ર કર્મચારીઓને રાહતદરે પ્લોટ આપવા અંગે**

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં બિન બદલીપાત્ર કર્મચારીઓને રાહત દરે પ્લોટ ફાળવવામાં આવ્યા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૪૫ કર્મચારીઓને આવા પ્લોટ ફાળવવામાં આવ્યા છે. અને આજ તારીખની સ્થિતિએ શહેરમાં ૧૪૯ કર્મચારીઓને આવા પ્લોટ ફાળવવા અંગેની કામગીરી માટે વિવિધ કારણોસર હાલ સરકારની વિચારણા હેઠળ છે.

**● કલોલમાં દબાણને લઈ અંડરબ્રિજ અધુરો છે**

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અંડરબ્રીજનું કામ બીજે છેડે દબાણને લઈ કામગીરી શરૂ થઈ શકી નથી. દબાણ હટાવવાની કામગીરી સામે નામદાર વડી અદાલતમાં કેસ હોવાથી આ કામગીરી વિલંબમાં પડી છે તેમ રાજ્યના માર્ગ અને મકાનમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લા શહેરી વિકાસ એજન્સી ગાંધીનગરે આ કામગીરીને તા. ૨૭-૧૨-૧૦ના રોજ મળેલ બેઠકમાં બહાલી આપેલ છે. આ કામગીરી ૩૦-૪-૨૦૧૨ના રોજ શરૂ કરવામાં આવી હતી તેમ પણ તેમણે જણાવ્યુ હતું.

# રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી છે

## ૧૨ મુદ્દાઓને ડી.જી.પી.એ અગ્રીમતા આપી

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે એમ જણાવીને રાજ્યના પોલીસ વડા અમીતાભ પાઠકે કાયદો અને



વ્યવસ્થાને વધુ સુદ્દઢ બનાવવા માટેનો પ્રયાસ હાથ ધરવામાં આવશે એમ જણાવ્યું હતું.

રાજ્યના પોલીસ વડા તારીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ આજે પ્રથમ પત્રકાર પરિષદને સંબોધતા રાજ્યના પોલીસ વડા અમિતાભ પાઠકે દસ જેટલા પ્રશ્નોને પ્રાથમિકતા આપવા માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. અન્ય રાજ્યોની સરખામણીમાં સારી છે.

આ ઉપરાંત રાજમાં ગુનાખોરીને ડામવા માટેના તમામ પ્રયાસો હાથ ધરવામાં આવશે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે શહેરોમાં વધતી જતી ટ્રાફીક સમસ્યાને હલ કરવા માટે શહેરોમાં મ્યુનિસીપલ કોર્પોરેશનના તંત્ર સાથે પરામર્શ કરીને મોટા શહેરોમાં ટ્રાફીક અને પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવા માટેનું આયોજન ઘડી કાઢવામાં આવશે.

આતંકવાદનો મુદ્દો એ ચિંતાનો વિષય છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે આતંકવાદના પડકારનો શામનો કરવા માટે કેન્દ્ર સાથે મળીને રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોમાં કોસ્ટલ સિક્યુરીટીને વધુ સઘન બનાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

## સી.બી.એસ.ઈ.ની પરીક્ષા દરમ્યાન કેન્દ્રીય વિદ્યાલય કાર્યરત રહેતાં પરીક્ષાર્થીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧

ધો. ૧૨ની સી.બી.એસ.ઈ. અભ્યાસક્રમની આજથી પરીક્ષાનો પ્રારંભ થયો છે. આ પરીક્ષા માટે કેન્દ્ર તરીકે પસંદ થયેલ કેન્દ્રીય વિદ્યાલયમાં આજે ચાલુ શાળાએ બાળકોની પરીક્ષા યોજાતાં વિદ્યાર્થીઓએ પારાવાર મુશ્કેલી અનુભવી હતી.

**દિવા તળે અંધારૂ...!**

આ પરીક્ષા દરમ્યાન એક વર્ગખંડમાં તો સુપરવાઈઝરે ૧૫ મિનિટ સુધી બાળકોને લખવા માટેની મંજૂરી પણ નહિ આપી હોવાથી વિદ્યાર્થીઓને સમય ખૂટવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે.

સામાન્યતઃ બોર્ડની જાહેર પરીક્ષા હોય ત્યારે શાળામાં ચાલતા અન્ય વર્ગોના સમયમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. અથવા તો રજા આપવામાં આવતી હોય છે પરંતુ ગાંધીનગરમાં જ 'દિવા તળે અંધારૂ' જેવી પરિસ્થિતિને લઈ આજે વાલીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

કેટલાક જાગૃત વાલીઓએ આ મુદ્દે શાળાના આચાર્યને રૂબરૂ મળી આ ફરિયાદ કરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ સ્પર્ધાનો યુગ ચાલી રહ્યો છે અને ગુજરાતના યુવાનો સ્પર્ધામાં અગ્રેસર બનવા પૂરી મહેનત કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં જ આવી અવ્યવસ્થાને લઈ શિક્ષણપ્રેમીઓ પણ ચોંકી ઉઠ્યા છે. કેન્દ્રીય વિદ્યાલયમાં ઉભી થયેલી અવ્યવસ્થાઓથી આજે વિદ્યાર્થીઓને ભારે અન્યાય થયો છે ત્યારે આ મુદ્દે સત્તાવાળાઓનું ધ્યાન દોરવા માટે પણ લેખિતમાં રજુઆતો મોકલવાની વાત વિચારાધીન હોવાનું વાલીઓના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# બોર્ડના વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરવા મનોચિકીત્સક સારવાર આપશે

ગાંધીનગર, તા.૧

બોર્ડની પરીક્ષા દરમિયાન માનસિક તણાવ અને એકઝામ ફોબિયાનો શિકાર બનતા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સાઈકયાટ્રીસ્ટની નિઃશુલ્ક સારવાર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડની મહત્વની પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓને થતી મુંઝવણમાંથી ઉગારવા આજથી સવારે ૯ થી સાંજે ૯ કલાક દરમિયાન આ સેવા ઉપલબ્ધ કરાવાશે.

આગામી તા. ૭ માર્ચથી ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થનાર છે જિલ્લામાંથી ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં હાજરી આપશે જયારે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવા જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા હેલ્પલાઈન પણ શરુ કરવામાં આવી છે. જેમાં વિવિધ વિષયના ૧૦ જેટલા શિક્ષકો વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન પુરું પાડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત આગામી તા. ૫ માર્ચથી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ કન્ટ્રોલરૂમ પણ શરુ કરવામાં આવનાર છે. બીજી તરફ પરીક્ષા દરમિયાન તણાવ અને ફોબિયાનો ભોગ બનતા પરીક્ષાર્થીઓને તણાવમુકત કરવા પણ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા દરમિયાન તણાવ અનુભવતા કેટલાક વિદ્યાર્થીઓને ટેન્શન, ડર અને ભયના લીધે પરીક્ષામાંથી ડ્રોપ લેવાની પણ ઈચ્છા થઈ જતી હોય છે. જયારે ઘણીવાર વિદ્યાર્થી ઉગ્ર ગુસ્સાનો પણ ભોગ બને છે. આવા સંજોગોમાં પરીક્ષાર્થીઓની મુંઝવણ દૂર કરવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા મનોચિકિત્સકની નિઃશુલ્ક સારવાર પુરી પાડવા વ્યવસ્થા ગોઠવી દેવાઈ હોવાનું જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોંસાઈએ જણાવ્યું છે. આ માટે જરૂર પડે ડૉ. રાજેન્દ્ર આનંદ મો. ૯૮૨૪૦૧૭૪૦૦, ૯૭૨૫૯૧૪૮૮૪ તેમજ ૨૩૨૩૮૮૫૩ પર સંપર્ક કરવા પણ જણાવાયું છે.

**પરીક્ષા ટાણે તણાવ, ડર, ભય અને ફોબિયાનો શિકાર બનતા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક સેવા અપાશે**

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

ફોન : ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**સભાસદો જોગ**

મંડળીના સભાસદોને વર્ષ : ૨૦૧૧/૧૨ના ગ્રાહક વળતરના રૂ. ૧૦૦/- શેરભંડોળ ખાતે જમા લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી દરેક સભાસદને હાલના રૂ. ૧૦૦/-ના શેર સર્ટીફિકેટની બદલીમાં રૂ. ૨૦૦/-નું શેર સર્ટીફિકેટ આપવામાં આવનાર છે. આ કામગીરીમાં બે થી ત્રણ માસનો સમય જાય તેમ હોઈ નવું શેર સર્ટીફિકેટ તૈયાર થયેથી સભાસદોમાં તેની વહેંચણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે તે પછી સભાસદોએ નવું સર્ટીફિકેટ મેળવવા માટે મંડળીની ઓફીસનો સંપર્ક કરવા વિનંતી છે.

તા. ૧/૩/૨૦૧૩ જનરલ મેનેજર

**ચક્ષુદાન – ઉત્તમ દાન**
**દેહદાન – શ્રેષ્ઠ દાન**

**ફ્લેટ વેચવાનો છે**

સે.૨૩, લગ્નવાડી સામે, કડી સ્કૂલની નજીક, ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ વેચવાનો છે.

મો. : ૯૮૯૮૦ ૩૦૬૫૨

**ડૉક્ટર મળશે નહિ**


અનિવાર્ય સંજોગોના કારણે **ડો. વિવેક ભાવે** (ફીઝીશીયન), સે.૭સીનું દવાખાનું ૬ માર્ચ, ૨૦૧૩ સુધી બંધ રહેશે. ૭ માર્ચથી સાંજે દવાખાનું ફરી રાબેતા મુજબ ચાલુ થશે.

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૪-૩-૨૦૧૩, સોમવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ગવર્નમેન્ટ પ્રેસ ઓવર હેડ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ










ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com